## ‘કનેક્ટેડ’ઈન્ડિયા: ધરમપુરનાં ગામોમાં મોબાઇલ નેટવર્ક ‘ડિસ્કનેક્ટેડ’

**અંતરિયાળ** ગામોમાં મોબાઇલ નેટવર્કની સમસ્યા, પ્રાંતને આવેદન આપી ગ્રામજનોની ધરણાંની ચીમકી

**શિક્ષણ**, બેંકિંગ સેવા ઉપરાંત 108 ઈમરજન્સીમાં ફોનના નેટવર્ક જ બીમાર પડી જાય છે

ધરમપુરઃ ધરમપુર તાલુકાના ધામણી, તામછડી, ઢાંકવળ, પેણધા સહિતના અંતરિયાળ ગામોમાં મોબાઇલ નેટવર્કની ગંભીર સમસ્યા યથાવત રહેતાં ગ્રામજનોમાં રોષ ફેલાયો છે. Vi અને Jio કંપનીઓનું નબળું નેટવર્ક હોવાથી ફોન કોલ અને ઇન્ટરનેટ સેવાઓ વારંવાર ખોરવાઈ રહી છે, જેના કારણે વિદ્યાર્થીઓ, ખેડૂતો અને સામાન્ય નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

નેટવર્કના અભાવે ઓનલાઈન શિક્ષણ, બેંકિંગ વ્યવહારો, સરકારી યોજનાઓના લાભો તથા આરોગ્ય સેવાઓને અસર પહોંચી રહી છે. ઇમરજન્સી સમયે 108 એમ્બ્યુલન્સ સહિતની આવશ્યક સેવાઓનો સંપર્ક કરવામાં પણ મુશ્કેલી સર્જાતી હોવાનું ગ્રામજનોએ જણાવ્યું હતું. આ સમસ્યાના ઉકેલ માટે તાલુકા પંચાયત સદસ્ય સવિતાબેન વિનયભાઈ બારિયા, સરપંચ રસીલાબેન રણજીતભાઈ વૈજલ તથા ગામના આગેવાનો દ્વારા પ્રાંત અધિકારી આર.સી. પટેલને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી. ગ્રામજનોએ નવા મોબાઇલ ટાવર સ્થાપવા તેમજ હાલની નેટવર્ક વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી છે. પ્રશ્નનો વહેલી તકે ઉકેલ નહીં આવે તો તમામ અસરગ્રસ્ત ગામોના લોકો એકત્રિત થઈ કચેરીએ ધરણાં અને ઉગ્ર રજૂઆતો કરશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. સ્થાનિકોમાં હવે તંત્ર દ્વારા ઝડપી અને અસરકારક પગલાં લેવાય તેવી માંગ ઊઠી છે.

### લાખોના ખર્ચે બનેલી ટાંકીમાં પાણી જ નથી, બોરવેલ પણ બંધ



વલસાડ ધરમપુર તાલુકાની ધામણી સીટ હેઠળ આવેલા ધામણી, ઢાંકવળ અને તામછડી ગામોમાં પાયાની સુવિધાઓના અભાવે ગ્રામજનોએ તાલુકા પંચાયત સભ્ય સવિતાબેન વિનયભાઈ બારીયાની રૂબરૂ મુલાકાત દરમિયાન ગ્રામજનોએ પીવાના પાણી, રસ્તાની ગંભીર સમસ્યાઓ રજૂ કરી હતી. ધામણી ગામના આંબાપાડા અને ચારીપાડા ફળિયામાં પીવાના પાણીની તંગી સર્જાઈ છે, જ્યારે ઢાંકવળ ગામના અનેક ફળિયામાં બોરવેલ સૂકાઈ જતાં લોકોને પાણી માટે ભટકવું પડી રહ્યું છે. રિપેર કરાયેલા બોરવેલ પણ માત્ર બે દિવસમાં બંધ થઈ જતાં લોકોમાં રોષ ફેલાયો છે. તામછડી ગામમાં વાસમો દ્વારા બનાવાયેલી પાણીની ટાંકીઓમાં પાણી ન આવતાં લાખો રૂપિયાના ખર્ચે ઊભી કરાયેલી સુવિધા માત્ર દેખાવ પૂરતી બની ગઈ હોવાનું ગ્રામજનોએ જણાવ્યું હતું. બીજી તરફ અનેક ફળિયાઓને જોડતા રસ્તાઓ વર્ષોથી ન બનતાં લોકો આજે પણ પગદંડીના સહારે અવરજવર કરવા મજબૂર છે. ખેડૂતોને ખેતી પેદાશો અને જરૂરી સામાન માથે ઊંચકી લઈ જવાની ફરજ પડી રહી છે.

## દમણના દરિયાકિનારે યુવાનો વચ્ચે ધિંગાણું, વિડીયો વાયરલ

**અગાઉ** પણ જામપોર બીચ પર મહિલાઓ સાથે અશોભનીય વર્તનની ઘટના બની હતી



દમણઃ દમણના દરિયાકિનારે યુવાનો વચ્ચે છૂટ્ટા હાથની મારામારીનો વધુ એક બનાવ સામે આવ્યો છે. મળતી માહિતી અનુસાર યુવાનોનું એક સમૂહ દરિયાકિનારે રેતીમાં લટાર મારતું ચાલતું જઈ રહ્યું હતું. ત્યારે કોઈ બાબતે બે-ત્રણ યુવાન વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ મારામારી શરૂ થઈ હતી. થોડી જ વારમાં અન્ય યુવાનો પણ તેમાં જોડાતા એકબીજા પર છૂટ્ટા હાથથી મારામારી કરવા લાગ્યા હતા. ગણતરીની સેકન્ડો સુધી ચાલેલી આ મારામારીનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ચર્ચાનો વિષય બન્યો છે. વિડીયોને જોતા કેટલાક યુવાનો દારૂના નશામાં હોય તેવું લાગી રહ્યું હતું. ઉલ્લેખનીય છે કે, ચાર દિવસ અગાઉ મોટી દમણના જામપોર બીચ ખાતે પણ દારૂના નશામાં એક યુવાને મહિલાઓ સાથે અશોભનીય વર્તન કરતાં મહિલા પર્યટકો અને સ્થાનિક યુવાનોએ તેને ઝડપી લઈ મેથીપાક ચખાડ્યા બાદ પોલીસને સોંપ્યો હતો. છેલ્લા ઘણા સમયથી દમણના દરિયાકિનારાઓ પર આવી ઘટનાઓ વધતા કાયદો અને વ્યવસ્થાને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## બોરીગામમાં ખેતરમાંથી મૃત દીપડી મળી

**દીપડી** કમ્પાઉન્ડ કરેલા તારમાં ભેરવાતા મોતને ભેટી હોવાનું અનુમાન

ઉમરગામઃ ઉમરગામના બોરીગામમાં શેરડીના ખેતરમાંથી વન્ય પ્રાણી દીપડી મૃત હાલતમાં મળી આવતા વન વિભાગની ટીમ દોડતી થઈ ગઈ હતી.

બોરીગામ લખાજી ફળિયામાં કેતનભાઈ ભવરલાલ નંદવાણાના શેરડીના ખેતરમાં દીપડી બુધવારે મૃત હાલતમાં પડેલી હોવાની જાણ વાડીના માલિકેરેન્જ ફોરેસ્ટ ઓફિસર ઉમરગામને કરતાં વન વિભાગનો સ્ટાફ તાત્કાલિક પહોંચી ગયો હતો અને વન્યપ્રાણી દીપડાનો કબજો લઈ પશુચિકિત્સક ઉમરગામ દ્વારા મેડિકલ ચેકઅપ કરાવતા દીપડીનું મોત 24 કલાકથી વધુ સમય પહેલાં થયું હોવાનું જણાવ્યું હતું અને તેની ઉંમર આશરે બેથી અઢી વર્ષની જણાઈ હતી. ત્યારબાદ નાયબ વન સરક્ષક વલસાડના માર્ગદર્શન હેઠળ રેન્જ ફોરેસ્ટ ઉમરગામ તથા સ્ટાફની હાજરીમાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. દીપડી તારમાં ભેરવાઈ જતાં ગળે તાર આવી જતાં ઈજાના કારણે અથવા કોઈક અન્ય કારણોસર મોત થયાનું અનુમાન છે. ડોક્ટરના રિપોર્ટ બાદ મોતનું કારણ જાણવા મળશે.

## સંક્ષિપ્ત સમાચાર

### આર.કે.પ્રેરણા ટ્રસ્ટ ચીમલા દ્વારા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને નોટબુકનું વિતરણ

ઘેજઃ ચીખલીના ચીમલા ગામનું આર.કે.પ્રેરણા ટ્રસ્ટ દ્વારા એક સેવાયજ્ઞનું આયોજન ચીખલી મનીયાર સ્ટ્રીટ ખાતે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને નિ:શુલ્ક નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકીય પ્રવૃત્તિ અંતર્ગત ચીખલી કસ્બા અને તેની આજુબાજુના વિસ્તારના અંદાજે ૧૦૦ જેટલા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને નોટબુક આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓમાં ઉત્સાહ સાથે દાતાઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

### ગણદેવીની ગઝદર લાયબ્રેરીમાં સમર વેકેશન રીડિંગ પ્રોગ્રામના ૨૬૧ વાચકોનું સન્માન

બીલીમોરાઃ ગણદેવીની કાવસજી ધનજીભાઈ ગઝદર રીડિંગરૂમ એન્ડ લાઇબ્રેરી તથા સ્વ. ગોવિંદજી મોરારજી બાળ લાઇબ્રેરી દ્વારા આયોજિત સમર વેકેશન રીડિંગ પ્રોગ્રામનું રંગેચંગે સમાપન કરવામાં આવ્યું હતું. એક માસ દરમિયાન સતત અને સઘન વાંચન કરનાર ૨૬૧ બાળકોને ગણદેવી શ્રી રામજી મંદિર ખાતે સમારંભમાં સન્માનિત કરવામાં આવ્યા હતા. ગઝદર લાઇબ્રેરીના પ્રમુખ જ્યોતિબેન દેસાઈએ મહેમાનોનું સ્વાગત કરી બાળકોને અભિનંદન પાઠવ્યા હતા. સમારંભના પ્રમુખ અને ગણદેવી પીપલ્સ બેંકના ચેરમેન જસ્મીનભાઈ દેસાઈએ વાંચનના મહત્વ પર પ્રકાશ પાડી લાઇબ્રેરી દ્વારા હાથ ધરાતી પ્રવૃત્તિઓની પ્રશંસા કરી હતી. મુખ્ય મહેમાન તરીકે દિપકભાઈ ગજુભાઈ દેસાઈ અને અતિથિ વિશેષ તરીકે ઠાકોરભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. મુંબઈ પરિશ્રમ ફાઉન્ડેશનનાં દિપકભાઈ ભુલાવાલા પરિવાર તરફથી તમામ વાચક બાળકોને સુંદર કીટ અર્પણ કરવામાં આવી હતી, જ્યારે બીલીમોરા શ્રી સોમનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટ તરફથી નોટબુક અને બોલપેનની ભેટ આપવામાં આવી હતી.

### વાપી જકાતનાકા માર્ગ પર કારની ટક્કરે મોપેડસવાર બેને ગંભીર ઈજા

વાપીઃ રાજસ્થાનમાં રહેતા ઓમારામ ખેતારામ સીલગાવા (ઉં.વ.45)નો નાનો ભાઈ શ્રવણરામ (ઉં.વ.40) વાપીમાં રહે છે અને તેઓ વાપી મ્યુનિસિપલ કોર્પોરેશનની સિટી બસમાં આઝદ રોડવેઝમાં મેનેજર તરીકે નોકરી કરતા હતાં. ગત તા.1-6-26 ના રોજ શ્રવણ અને ગજેન્દ્રપુરી લાલપુરી ગોસ્વામી (રહે., વાપી, મૂળ રાજસ્થાન) ભેગા મળી મોપેડ લઈને વાપી જૂના ફાટક પાસે ઘરે જવા માટે રાત્રિના સમયે નીકળ્યા હતા. આ દરમિયાન જૂના જકાતનાકા જતા માર્ગ પર કારની અડફેટે મોપડ આવી હતી અને મોપેડ સવાર બંને લોકોને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને બેહોશ થઈ ગયા હતાં. અકસ્માત કરનાર કારચાલક વાહન લઈ ભાગી છૂટયો હતો. આ બનાવ અંગેની ફરિયાદ ઓમારામ સીલગાવાએ વાપી ટ્રાફિક પોલીસ મથકે કરી હતી.

### ચીખલી તાલુકામાં બે અલગ અલગ અકસ્માતમાં બેનાં મોત

ઘેજઃ નવસારીના જલાલપોર તાલુકાના ડાભેલ સાઇવાડ ફળિયામાં રહેતા હાસીમ મોહમદ પટ્ટીવાલા (ઉં.વ.૫૬) જે મંગળવારની રાત્રિના સમયે ચીખલી તાલુકાના આલીપોર ગામે જવાના ગેટ પાસે રોડ ક્રોસ કરી રહ્યા હતા. તે દરમ્યાન એક ટ્રક (નં. એમએચ ૨૦ જીસી ૦૧૩૯)ના ચાલકે ટ્રક પૂરઝડપે હંકારી હાસીમભાઇને ટક્કર તેમને ગંભીર ઇજા પહોંચાડતા સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડાતા જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. જ્યારે બીજા બનાવમાં ચીખલીના સાદડવેલ કુંભાર ફળીયા ખાતે રહેતા ભીખુભાઇ કાળિયાભાઇ પટેલ (ઉં.વ.૭૧) જે બુધવારની સવારના સમયે પ્લેઝર મોપેડ (નં. જીજે ૨૧ એજી ૨૭૨૫) લઈને જઈ રહ્યા હતા. દરમિયાન સાડદવેલ જમનાબા હાઇસ્કૂલ પાસે આવી પહોંચતા એક ટેમ્પો (નં. જીજે ૧૭ એકસએક્સ ૮૩૫૯)ના ચાલકે ટક્કર મારી ભીખુભાઇ પટેલને રોડ ઉપર પાડી દીધા હતા. ગંભીર ઈજાના પગલે તેમને ચીખલીની હોસ્પિટલમાં ખસેડાતા જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. પોલીસે ઉપરોક્ત બન્ને ગુનામાં ચાલક સામે અકસ્માત અંગે નો ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઇ-આર.એન.વાડલે એ હાથ ધરી હતી.

### ઉમરગામમાં વિશાળ વૃક્ષ ધરાશાયી, ઘર અને આંગણવાડીને નુકસાન



ઉમરગામઃ ઉમરગામ શહેરના ભાઠા ફળિયા વિસ્તારમાં બુધવારે વહેલી સવારે પાંચેક વાગ્યે એક વિશાળ આમલીનું વૃક્ષ ધરાશાયી થતાં મોટી દુર્ઘટના સર્જાઈ હતી. ફૂંકાયેલા જોરદાર પવન અને વરસાદના કારણે આ વૃક્ષ બે મકાન અને બાજુમાં આવેલી આંગણવાડી પર તૂટી પડ્યું હતું, જેનાથી મકાનોને નુકસાન થયું છે અને પતરા પણ તૂટી ગયા હતા. ઘરમાં રહેતા અને આજુબાજુના લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. સદનસીબે ઘટના વહેલી સવારે બની હોવાથી અને આંગણવાડી બંધ હોવાને કારણે કોઈ જાનહાનિ કે ઈજા થઈ નથી. ઘટનાની જાણ થતાં જ ઉમરગામ પાલિકાની ટીમ, ફાયર ફાઈટરોએ સ્થળ પર પહોંચીને વૃક્ષ હટાવવાની કામગીરી કરી હતી.

### વાપીમાં નજીવી બાબતે હત્યા કરનારના જામીન નામંજૂર

વલસાડઃ વાપીમાં નજીવી બાબતે હત્યા કરનાર વિરુદ્ધ વાપી જીઆઇડીસી પોલીસમથકે ગુનો દાખલ થયા બાદ આરોપીની ધરપકડ કરાઇ હતી. આ કેસમાં જામીન પર છૂટવા આરોપીએ વાપીની એડિશનલ સેસન્શ કોર્ટમાં જામીન માટે અરજી કરી હતી. જેની સુનાવણી હાથ ધરાતાં જજ એચ. જી. પંડ્યાએ ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલ ગ્રાહ્ય રાખી આ જામીન અરજી નામંજૂર કરતો હુકમ કર્યો હતો. આ કેસની વિગત એવી છે કે, મૂળ ઝારખંડ અને હાલ વાપી રહેતા દિપક સિકન્દર મંડલે વાપીના ચણોદ ગામે રહેતા સમાધાન અશોક પાટીલની નજીવી બાબતે થયેલા ઝઘડામાં પેટમાં ચપ્પુ હુલાવી હત્યા કરી હતી. આ કેસમાં જ્યુડિશ્યલ કસ્ટડીમાંથી છૂટવા દિપકની અરજી વાપી એડિશનલ સેશન્સ કોર્ટે નામંજૂર કરી છે.

### પારડી મોતીવાડા હાઈવે પર ટેમ્પોનું શિર્ષાસન




પારડીઃ પારડીના મોતીવાડા હાઈવે પર આજે વહેલી સવારે વાપી તરફથી પાવડરની ગુણીઓ ભરીને સુરત તરફ જઈ રહેલા આઈસર ટેમ્પો (નં. GJ 16 AU 6609)ના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા ટેમ્પો પલટી મારી જતા અકસ્માત સર્જાયો હતો. ટેમ્પો પલટી જતાં અંદર ભરેલી પાવડરની ગુણીઓ રોડ પર વેરવિખેર થઈ ગઈ હતી. રાહતની વાત એ રહી કે વહેલી સવારનો સમય હોવાથી અન્ય કોઈ વાહન તેની ઝપેટમાં આવ્યું ન હતું અને મોટી જાનહાનિ ટળી હતી. અકસ્માત સર્જાયા બાદ ટેમ્પો સ્થળ પર મૂકી ચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો.

### પારડી ઉમરસાડીની કંપનીનો મજૂર ગુમ

પારડીઃ પારડીના ઉમરસાડી દેસાઈવાડ વિસ્તારમાં આવેલી એગ્રો સુરાગ કંપનીમાં કામ કરતાં ઓડિશા રાજ્યના કલાહંડીના રહેવાસી સીતા ટીપા માઝી (ઉં.વ.58) ગત 13 મે 2026ના રોજ ઓડિશાથી ઉમરસાડી કામ કરવા આવ્યા હતા. જે બાદ કોઈને જાણ કર્યા વગર નીકળી ગયા હતા. ત્યારબાદ તેઓ પરત ફર્યા નહોતા. તેમની શોધખોળ કરવા છતાંયે પત્તો લાગ્યો ન હોય પારડી પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

## વલસાડમાં છીપવાડ અંડરપાસ પાસે ટેમ્પો ખોટકાતાં ટ્રાફિક જામ



**ટેકરાના** રસ્તાનું સમારકામ ન કરાતાં લોકોમાં રોષ, ચોમાસાની દસ્તક છતાં તંત્ર ઘોર નિદ્રામાં

વલસાડઃ વલસાડ સ્થાનિક વહીવટી તંત્ર અને નગરપાલિકાની ઘોર નિષ્ક્રિયતા અને બેદરકારીનો ભોગ ફરી એકવાર વલસાડની નિર્દોષ જનતાએ બનવું પડ્યું છે. વલસાડના અત્યંત વ્યસ્ત ગણાતા છીપવાડ અંડરપાસ પાસે આવેલા ટેકરા પર લાંબા સમયથી રસ્તો બિસમાર હાલતમાં ફેરવાઈ ગયો છે. તંત્ર દ્વારા આ ખાડાઓનું વહેલી તકે સમારકામ ન કરાતાં આજે અહીં વાહનચાલકો માટે મોટી મુશ્કેલી ઊભી થઈ હતી અને ગંભીર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતાં.

સ્થાનિક વહીવટી તંત્રની આંખ આડા કાન કરવાની નીતિને કારણે રસ્તા પર મોટા-મોટા ખાડાઓ પડી ગયા છે, જેમાંથી ભારે વાહનો પસાર થવા પણ મુશ્કેલ બન્યા છે. તેવામાં આજે એક આઈસર ટેમ્પો આ ખરાબ રસ્તા પરથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે અચાનક ખાડાઓને કારણે તે બ્રેકડાઉન થઈ ગયો હતો. રસ્તાની વચ્ચે જ ટેમ્પો ખોટકાઈ જતાં તે ટેકરા પર ફસાઈ ગયો હતો. એક તરફ વલસાડનો આ મુખ્ય અને વ્યસ્ત એરિયા છે, અને તેમાં પણ બિસમાર રસ્તાની વચ્ચે જ આઈસર ટેમ્પો ફસાઈ જતાં જોતજોતામાં વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. ચોમાસાની શરૂઆત પહેલાં કે સામાન્ય દિવસોમાં પણ રસ્તાનું સમારકામ ન કરાતા સ્થાનિકો અને વાહનચાલકોમાં પાલિકા પ્રત્યે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

વારંવારની રજૂઆતો છતાં તંત્ર કેમ ઘોર નિદ્રામાં છે તેવો સવાલ જનતા પૂછી રહી છે. જો વહેલી તકે આ ટેકરાવાળા રસ્તાનું યોગ્ય સમારકામ કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં અહીં મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે તેવી ભીતિ પણ સેવાઈ રહી છે.

## વાપીશાકભાજીબજારમાં ફરી દબાણો યથાવત



વાપીઃ વાપી શાકભાજી બજારમાં મનપા દ્વારા દબાણો દૂર કરવાનું અભિયાન હાથ ધર્યું હતું અને તે બાદ આ વિસ્તાર આખો ખુલ્લો જોવા મળ્યો હતો. આ વાતને લાંબો સમય વિત્યા બાદ મનપા ટીમ દ્વારા સમયાંતરે માર્ગની આસપાસના દબાણો હટાવવા માટે પહોંચતી હોય છે. જો કે, છેલ્લા કેટલાક દિવસોથી વાપી શાકભાજી બજારમાં દિવસે તો ઠીક રાત્રિના સમયે લારીગલ્લાવાળાઓનું દબાણ જોવા મળી રહ્યું છે. મોપેડ કે વાહન લઈને આવનારાઓ માર્ગ ઉપર જ ઊભા રહી ખરીદી કરતાં હોય છે, જેને લઈ આ વિસ્તારમાંથી પસાર થનારા અન્ય લોકોને મુશ્કેલી ઊભી થઈ રહી છે. બુધવારના રોજ વાપી મનપાની એક ટીમ શાકભાજી બજારમાં પહોંચી હતી ત્યારે દબાણકર્તાઓમાં ફફડાટ ફેલાયો હતો. જયારે એક ગ્રામ્ય વિસ્તારની ગરીબ મહિલા પણ શાકભાજી વેચી રહી હતી અને તેઓની સામે પહોંચી હતી. ત્યારે ગરીબ મહિલાએ તેઓની સાથે ભારે રકઝક થઈ હતી. મહિલાએ રોષ ઠાલવ્યો હતો કે, શાકભાજી બજારમાં ખુલ્લેઆમ અન્ય લોકો લારીઓ લગાવી વેચાણ કરે છે તેઓની સામે કેમ કોઈ પગલા લેવામાં આવતા નથી.

## ઓઝરડાના યુવાનની આર્મીમાં પસંદગી થતાં ગામમાં ઉત્સવ જેવો માહોલ

**જમ્મુ** કાશ્મીરમાં પ્રથમ પોસ્ટિંગ, પુત્રએ સેનાની વર્દીમાં સેલ્યુટ કરતાં માતા-પિતાની આંખોમાં હર્ષના આંસુ



વલસાડઃ નાનાપોંઢા તાલુકાના ઓઝરડા ગામના તાડ ફળિયાના વસાવા પરિવારના યુવાન રૂપેશ વસાવાની ભારતીય સેનામાં પસંદગી થતા ટ્રેનિંગ પૂર્ણ કર્યા બાદ ગામ આવતા ગ્રામજનો અને પરિવારે ભવ્ય સ્વાગત કર્યું હતું. તો રૂપેશે માતા-પિતાને સેલ્યુટ કરી ત્યારે સૌ કોઈના આંખમાં આંસુ આવી ગયા હતાં. આખા ગામમાં ઉત્સવ જેવો માહોલ જોવા મળ્યો હતો.

સૂત્રોના જણાવ્યા મુજબ, બાળપણમાં જોયેલું દેશ સેવા માટે સેનામાં જોડાવાનું સ્વપ્ન પૂર્ણ કરવા ઓઝરડા ગામના ગણેશભાઈના પુત્ર રૂપેશ વસાવાએ કોલેજમાં એન.સી.સી. જોઈન કર્યા બાદ સેનામાં જોડાવાનું સ્વપ્ન પૂર્ણ કરવામાં મદદરૂપ થયું હતું અને સેનામાં પસંદગી થઈ, ટ્રેનિંગ પૂર્ણ પણ કરી અને તેમની પ્રથમ પોસ્ટિંગ જમ્મુ કાશ્મીરમાં થઈ. હાલે તેઓ પોતાના ગામ આવતા ગ્રામજનો સાથે તાલુકા યુવા ભાજપ પ્રમુખ નિમેશ ગાંવિત સહિત યુવાનો, મિત્રોએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું. તો માતાપિતા અને પરિવારે આરતી ઉતારી પોતાનો પુત્ર દેશ સેવામાં જોડાયો હોવાનો ગર્વ અનુભવ્યો હતો. ત્યારે ભાવ વિભોર દશ્યો સર્જાયા હતાં.

## PM મુલાકાત પૂર્વે દમણમાં આજે ટ્રાફિક રિહર્સલ, અનેક માર્ગો નિયંત્રિત

દમણઃ ભારતના પ્રધાનમંત્રીની 5 જૂનના રોજ યોજાનારી દમણ મુલાકાતને અનુલક્ષીને સુરક્ષા વ્યવસ્થાના ભાગરૂપે આજ રોજ 4 જૂને સાંજે 5:00થી રાત્રે 8:30 વાગ્યા સુધી ટ્રાફિક રિહર્સલ હાથ ધરવામાં આવશે. આ દરમિયાન મશાલ ચોકથી ભેંસલોર ચાર રસ્તા, નાની બસ સ્ટેન્ડથી વડ ચોકી રોડ, દલવાડાથી મશાલ ચોક, મશાલ ચોકથી તીનબત્તી, તીન બત્તીથી મરવડ, નમોપથ માર્ગ તેમજ છપલી શેરી થઈ નાઈટ માર્કેટથી ધોબી તળાવ સુધીના માર્ગો પર ટ્રાફિક નિયંત્રણ અને ડાયવર્ઝન અમલમાં રહેશે. પોલીસ વિભાગે નાગરિકોને આ સમયગાળા દરમિયાન ઉપરોક્ત માર્ગો ટાળવા, વૈકલ્પિક રસ્તાઓનો ઉપયોગ કરવા તથા ટ્રાફિક પોલીસ દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવા અપીલ કરી છે.


### વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને જાહેર નોટીસથી જણાવવાનું કે મોજેઃ અંબાડા, તાલુકો-નવસારી, જીલ્લો-નવસારી મુકામે આવેલ જમીન જેની વિગત નીચે મુજબ છે.

| ગામનું નામ | બ્લોક નંબર (નવો) | હે.આરે.ચો.મી. | આકાર રૂા. પૈસા | ખાતા નંબર |
|---|---|---|---|---|
| અલુરા | ૧૭૪ | ૦-૪૮-૫૬ | ૮.૩૧ | ૬૭૩ |
| | ૧૪૮ | ૦-૧૦-૧૨ | ૧.૫૬ | ૬૭૭ |
| | ૧૫૦ | ૦-૨૧-૨૫ | ૪.૨૫ | ૬૭૭ |
| | ૧૪૯ | ૦-૧૬-૧૯ | ૩.૭૫ | ૬૭૭ |

ઉપરોક્ત વિગત વાળી જમીન (૧) મીનાબેન મોહનભાઈ પટેલ, (૨) ભાવિનીબેન મોહનભાઈ પટેલ, (૩) મિલન મોહનભાઈ પટેલ નાઓની સંયુક્ત માલિકીની ચાલી આવેલ છે. જે જમીન તેમની પાસેથી હમારા અસીલ વેચાણ રાખવા માંગે છે. સબબ સદર જમીનમાં કોઈપણ વ્યક્તિ, સંસ્થા નો કોઈપણ હકક, દરદાવો, ગણોત હકક કે લેણું, બોજા અન્ય કોઈપણ પ્રકારના હકક, હીત, અધિકાર હોય તો તેમણે આજદિનથી દિન-૭ માં નીચે જણાવેલ સરનામે પુરાવા સહીત રૂબરૂમાં જાણ કરવી, અન્યથા મુદત વિત્યે હમારા અસીલ કાયદેસરનો વેચાણ અવેજ ચુકવી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવે કરાવી લેશે, ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા-તકરાર ચાલશે નહીં. જેની લાગતા-વળગતા તમામે નોંધ લેવી.

તા. ૦૩-૦૬-૨૦૨૬ મારી મારફત, દિપાલી આર. પટેલ (એડવોકેટ)
૧, ઓમ ચેમ્બર, કાલીયાવાડી, તા. જી. નવસારી. મો.: 95371 30101



